# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - વિકસિત ભારતનો માર્ગ તેના લોકોની એકતામાં રહેલો છે.

2) પ્રધાનમંત્રીએ દેશને આત્મનિર્ભર બનાવવા માટે નવ સંકલ્પો બહાર પાડ્યા.

3) ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિ-માસિકમાં દેશનો GDP વૃદ્ધિ દર 8.2 ટકા ; પ્રધાનમંત્રીએ જીડીપી વૃદ્ધિદરને બિરદાવ્યો.

4) સંરક્ષણ મંત્રાલયે નૌકાદળના MH-60R હેલિકોપ્ટરના કાફલાની સહાયતા માટે અમેરિકા સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા.

5) ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના 56મા સંસ્કરણનો સમાપન સમારોહ શરૂ.

6) હવામાન વિભાગે દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડીમાં ચક્રવાત દિત્વાહને કારણે પુડુચેરી માટે રેડ એલર્ટ જાહેર કર્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM-GOA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વિકસિત ભારતનો માર્ગ તેના લોકોની એકતામાં રહેલો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓ છતાં, ગોવાએ માત્ર તેની મૂળ સંસ્કૃતિને જ સાચવી રાખી નથી પરંતુ સમય જતાં તેને બદલી પણ છે.

ગોવાના કાનાકોનામાં શ્રી સંસ્થાન ગોકર્ણ પર્તગાલી જીવોત્તમ મઠ ખાતે એક કાર્યક્રમમાં, શ્રી મોદીએ ઐતિહાસિક મઠના સમાજમાં સતત યોગદાનની પ્રશંસા કરી. તેમણે મઠને ભાવિ પેઢીઓને પ્રેરણા આપતા મૂલ્યોના જતન માટેનો પાયો ગણાવ્યો. શ્રી મોદીએ કહ્યું કે આ સંસ્થાએ શ્રદ્ધા, માનવતા અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું છે.

(BYTE : PM-MODI-ON-MUTHHA)

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ પર્તગાલી ખાતે ભગવાન શ્રી રામની 77 ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું. તેમણે નવા રામાયણ થીમ પાર્ક ગાર્ડન અને ભગવાન રામને સમર્પિત 10 હજાર ચોરસ ફૂટના સંગ્રહાલયનું પણ ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ એક ખાસ ટપાલ ટિકિટ અને એક સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો.

# PM-MATH-ANNIVERSARY

ગોકર્ણ પર્તગાલી જીવોત્તમ મઠની સ્થાપનાની 550મી વર્ષગાંઠ નિમિત્તે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ સંસ્થા લોકોને માર્ગદર્શન પૂરું પાડવાના કેન્દ્ર તરીકે ઉભરી આવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે બદલાતા સમય અને પડકારો છતાં, મઠે ક્યારેય પોતાનો માર્ગ ગુમાવ્યો નથી. સંસ્થાએ છેલ્લા 550 વર્ષોમાં સમય અને યુગના ઘણા તોફાનોનો સામનો કર્યો છે.

# PM-KARNATAKA-UDUPI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને આત્મનિર્ભર બનાવવા માટે નવ સંકલ્પો બહાર પાડ્યા છે. શ્રી મોદીએ કર્ણાટકના ઉડુપીમાં આ મુદ્દાઓ પ્રત્યે લોકોની પ્રતિબદ્ધતાનું આહ્વાન કર્યું. કર્ણાટકના ઉડુપીમાં શ્રી કૃષ્ણ મઠ ખાતે લક્ષ કંઠ ગીતા પારાયણ કાર્યક્રમમાં બોલતા, શ્રી મોદીએ દેશવાસીઓને કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા, બાજરીનો ઉપયોગ કરીને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા, તેલનો વપરાશ ઘટાડવા અને યોગને તેમના રોજિંદા જીવનનો ભાગ બનાવવા અપીલ કરી.

(BYTE : PM-RESOLUTION)

પ્રધાનમંત્રીએ આજે જે નવ સંકલ્પો રજૂ કર્યા છે તેમાં પ્રાચીન હસ્તપ્રતોનું સંરક્ષણ એક છે. તેમણે પ્રાચીન જ્ઞાન આગામી પેઢી સુધી પહોંચાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ભારતીયોને તેમના વારસા અને પરંપરાઓ માટે જાણીતા 25 સ્થળોની મુલાકાત લેવા પણ વિનંતી કરી. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે ભગવદ ગીતા કેન્દ્ર સરકારના ઘણા કાર્યક્રમો માટે પ્રેરણારૂપ રહી છે.

# PRESIDENT-UTTARPRADESH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે સરકાર સમાજને વધુ સમાવિષ્ટ, શાંતિપૂર્ણ, સ્વસ્થ અને મૂલ્ય આધારિત બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લઈ રહી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે વૈશ્વિક સ્તરે યોગ અને ધ્યાનને પ્રોત્સાહન આપવું અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અભિયાનનું નેતૃત્વ કરવું એ આવી પહેલ છે.

રાષ્ટ્રપતિએ આજે ઉત્તર પ્રદેશના લખનૌમાં બ્રહ્માકુમારીઓના 2025-26 માટેના વાર્ષિક કાર્યક્રમ 'મેડિટેશન ફોર ગ્લોબલ યુનિટી એન્ડ ટ્રસ્ટ' ના ઉદ્ઘાટન સમારોહમાં આ વાત કહી. તેમણે કહ્યું કે ભારતની પ્રાચીન સભ્યતાએ હંમેશા વિશ્વને વસુધૈવ કુટુંબકમનો સંદેશ આપ્યો છે.

# GDP

ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિ-માસિકમાં દેશનો કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) વૃદ્ધિ દર 8.2 ટકા હતો. ઉત્પાદન, ગૌણ અને તૃતીય ક્ષેત્રોના મજબૂત પ્રદર્શનને કારણે ઝડપી વૃદ્ધિ દર શક્ય બન્યો છે. બીજા ત્રિ-માસિકમાં GDP વૃદ્ધિ દર ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિ-માસિકમાં 7.8 ટકા અને ગયા વર્ષના સમાન સમયગાળામાં 5.6 ટકા હતો.

આ નાણાકીય વર્ષના બીજા ત્રિ-માસિકમાં વર્તમાન ભાવે દેશનો GDP વૃદ્ધિ દર 8.7 ટકા હતો. દેશના GDPમાં 14 ટકાનું યોગદાન આપતું ઉત્પાદન ક્ષેત્ર બીજા ત્રિ-માસિકમાં 9.1 ટકા વધ્યું છે, જે પાછલા નાણાકીય વર્ષના સમાન ત્રિ-માસિક કરતા 2.2 ટકા વધારે છે.

# PM-GDP-GROWTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં 8.2 ટકાના જીડીપી વૃદ્ધિદરને બિરદાવ્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આ વૃદ્ધિને પ્રોત્સાહક ગણાવી અને કહ્યું કે તે સરકારની વિકાસલક્ષી નીતિઓ અને સુધારાઓની અસરને પ્રતિબિંબિત કરે છે. તેમણે ઉમેર્યું કે તે દેશના લોકોની મહેનત અને સાહસને પણ પ્રતિબિંબિત કરે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર સુધારાઓને આગળ વધારવા અને દરેક નાગરિક માટે જીવન જીવવાની સરળતાને મજબૂત બનાવવાનું ચાલુ રાખશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAL-SHAKTI-SUMMIT

જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે આજે જાહેરાત કરી હતી કે જલ જીવન મિશન હેઠળ દેશભરના 15 કરોડ ગ્રામીણ પરિવારોને નળના પાણીના જોડાણો પૂરા પાડવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં સુજલામ ભારત પરિષદમાં બોલતા, શ્રી પાટીલે દરેક નાગરિક માટે ટકાઉ પાણી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. આ પ્રસંગે શ્રી પાટીલે જળ શક્તિ માટે ઉદાહરણ રૂપે ગુજરાતનાં બનાસકાંઠા જિલ્લાની વાત કરી.

(BYTE : C R PATIL)

શ્રી પાટીલે એવી પણ જાહેરાત કરી હતી કે મનરેગા ભંડોળનો 65 ટકા ભાગ હવે ભૂગર્ભજળના સ્તરને ફરીથી ભરવા અને પાણીની ઉપલબ્ધતા સુધારવા માટે ગંભીર પાણીની અછતનો સામનો કરી રહેલા વિસ્તારોમાં ફાળવવામાં આવશે. આકાશવાણી સાથેની મુલાકાતમાં, જળ શક્તિ મંત્રીએ જણાવ્યું હતું કે સુજલામ વિઝન 2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાના સ્વપ્નને પૂર્ણ કરવામાં મદદ કરશે.

# DEFENCE-MH-60

સંરક્ષણ મંત્રાલયે આજે નૌકાદળના MH-60R હેલિકોપ્ટરના કાફલા માટે સતત સહાયતા મેળવવા માટે અમેરિકા સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા. 7 હજાર 900 કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના આ કરારને વિદેશી લશ્કરી વેચાણ કાર્યક્રમ હેઠળ નવી દિલ્હીમાં ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ વ્યવસ્થા સ્વદેશી સેવાઓને પ્રોત્સાહન આપીને, સંરક્ષણ ક્ષેત્રને મજબૂત બનાવીને અને  સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો અને સ્થાનિક કંપનીઓની ભાગીદારીને પ્રોત્સાહિત કરીને આત્મનિર્ભર ભારતના મોટા ઉદ્દેશ્ય સાથે સુસંગત છે.

# IFFI

**ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના 56મા સંસ્કરણનો આજે રાત્રે** સમાપન સમારોહ યોજાશે. **સાંભળીએ અહેવાલ...**

**(V/C : AJAY INDREKAR)**

*(20મી નવેમ્બરથી ગોવામાં શરૂ થયેલ ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના- IFFI ની આ યાદગાર યાત્રા આજે સાંજે તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન, સમારોહના ડિરેક્ટર શેખર કપૂર સાથે અનેક મહાનુભાવો પણ આ મેગા કાર્યક્રમમાં જોડાશે તેવી અપેક્ષા છે. આજના કાર્યક્રમમાં એક ખાસ આકર્ષણ સુપરસ્ટાર રજનીકાંતને તેમની 50 વર્ષની શાનદાર સિનેમેટિક સફરના સન્માનમાં એક વિશેષ સન્માન આપવામાં આવશે. સિનેમામાં શ્રેષ્ઠતાને માન્યતા આપતા પ્રતિષ્ઠિત ગોલ્ડન પીકોક, સિલ્વર પીકોક અને ICFT યુનેસ્કો ફિલ્મ એવોર્ડ્સ પણ આજે રાત્રે આપવામાં આવશે. આ વર્ષે, ફિલ્મ મહોત્સવમાં 81 દેશોની 240 થી વધુ ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવી હતી. આ મહોત્સવમાં અનેક પ્રેરણાદાયી વાર્તાલાપ અને સત્રો યોજાયા હતા, અજય ઈન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# PUDUCHERRY-CYCLONE

હવામાન વિભાગે દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડીમાં ચક્રવાત દિત્વાહને કારણે પુડુચેરી માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. અરક્કોનમથી રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળની 60 સભ્યોની ટીમ આજે પુડુચેરી પહોંચી હતી અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે ચર્ચા કરી હતી.

કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે, 312 કામચલાઉ રાહત શિબિરોની સ્થાપના કરવામાં આવી છે.

એક કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી છે જે 24 કલાક કાર્યરત રહેશે. માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્રે જાહેર જનતાને આગામી બે દિવસ બિનજરૂરી રીતે બહાર ન નીકળવા અને આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જાળવવા અપીલ કરી છે.

# PM-CYCLONE-DITWAH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચક્રવાત દિત્વાહને કારણે શ્રીલંકામાં જેમનાં પ્રિયજનોએ જીવ ગુમાવ્યા છે તેમનાં પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. શ્રી મોદીએ તમામ અસરગ્રસ્ત પરિવારોની સલામતી અને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. તેમણે કહ્યું કે ભારતે તેના નજીકના દરિયાઈ પાડોશી સાથે એકતા દર્શાવતા, ઓપરેશન સાગરબંધુ હેઠળ તાત્કાલિક રાહત સામગ્રી અને આવશ્યક માનવતાવાદી અને આપત્તિ રાહત સહાય મોકલી છે. ભારત હજુ પણ વધુ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.